# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા -**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦-૦૧-૨૦૧૬ ● સમયઃ સવારે ૯ થી ૧૨ ● શ્રેણી : **૫** ● ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 5**

**પ્ર. : ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો :**

**(ક) નીચેની પાઠ પૂર્તિ કરો :**

(૧) સમયં ............................ ભૂયં

જ. (૧) સમયં અણુમયં બહુમયં ભંડકરંડગસમાણં, રયણકરંડગ ભૂયં

(૨) સત્થ ............................ દુવિહં

જ. (૨) સત્થ મુસલાદિક સાવજ્જજોગનાં પચ્ચક્ખાણ જાવઅહોરત્તં પજ્જુવાસામિ દુવિહં

(૩) જ્ઞાન ............................ કાઉસ્સગ્ગં

જ. (૩) જ્ઞાન દર્શન ચરિત્તાચરિતે (ચારિત્ર) તપ અતિચાર ચિંતવનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં

(૪) સંસુધ્ધં.......................... નિવ્વાણમગ્ગં

જ. (૪) સંસુધ્ધં સલ્લકત્તણં સિદ્ધિમગ્ગં મુત્તિમગ્ગં નિજ્જાણમગ્ગં નિવ્વાણમગ્ગં

(૫) સાડીકમ્મે ........................ રસવાણિજ્જે

જ. (૫) સાડીકમ્મે ભાડીકમ્મે ફોડીકમ્મે દંતવાણિજ્જે કેસવાણિજ્જે રસવાણિજ્જે

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો :**

૧) છવિચ્છેએ ૨) ચિંતવનાર્થં ૩) ઉમ્મગ્ગો ૪) જાવણિજ્જાએ ૫) પેયાલા
૬) પરિસહોવસગ્ગા ૭) અભિગ્રહિક મિથ્યાત્વ ૮) આઉલમાઉલાએ
૯) અપરિસુધ્ધં ૧૦) સદ્દેણં

જવાબઃ (ખ) ૧) નાક - કાનાદિ અવયવો છેદ્યાં હોય. ૬) ૨૨ પ્રકારના પરિષહો અને ઉપસર્ગો
૨) ચિંતન કરવાને માટે ૭) સાચા-ખોટાનો નિર્ણય કર્યા વિના ખોટાને હઠથી પકડી રાખવું
૩) સાચા જૈન માર્ગ વિરુદ્ધ ૮) આકૂળતા વ્યાકૂળતાથી
૪) (શરીરની) યથાશક્તિ પ્રમાણે ૯) અશુદ્ધ ભિક્ષા
૫) પ્રધાન, પાતાળ કળશા સમાન ૧૦) શબ્દથી (વિકારી શબ્દો સાંભળવાથી)

**(ગ) નીચેના શબ્દોનું માગધી લખો :**

૧) ગંધથી ૨) અવિધિથી બગાસુ ખાવાથી ૩) સિદ્ધ ભગવંતો લોકમાં ઉત્તમ છે
૪) ચાડી-ચૂગલી કરવી ૫) વિશેષ માનવા યોગ્ય.

જવાબ (ગ) ૧) ગંધેણં ૨) જંભાઈએ ૩) સિધ્ધાલોગુત્તમા ૪) પૈશુન્ય ૫) અણુમયં

**(ઘ) નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(૧) સંથારાની આરાધના કયા તિર્યંચે કરી હતી ? કયા અંગસૂત્રના આધારે ?

જવાબ (ઘ) (૧) નંદમણિયારના જીવે દેડકાના ભવમાં છઠ્ઠા અંગસૂત્ર જ્ઞાતાધર્મ કથાના આધારે.

(૨) અસંજ્ઞી પંચેન્દ્રિયમાં કોનો કોનો સમાવેશ કરવામાં આવે છે ?

જ. (૨) સંમુચ્છિમિ મનુષ્યો, જળચર, સ્થળચર, ઉરપર, ભૂજપર અને ખેચર.

(૩) ૧૮ પાપના ભંગ (ભેદ) કેટલા ? કેવી રીતે ?

જ. (૩) ૧૮ પાપને કરવું, કરાવવું, અનુમોદવું એ ત્રણથી ગુણતાં ૧૮ × ૩ = ૫૪.

(૪) જિનમાર્ગથી વિપરીત પ્રરૂપણા એટલે શું ?

જ. (૪) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ મહાભૂતોથી જીવ ઉત્પન્ન થયો છે એમ માનવું તે વિપરીત પ્રરૂપણ.

(૫) સાત વ્યસનોને ચાર પાપમાં વહેંચો. પ્રાણાતિપાત, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ.

જ. (૫) પ્રાણાતિપાતમાં - મદિરાપાન, માંસાહાર, શિકાર
મૈથુનમાં - પરસ્ત્રીગમન, વેશ્યાગમન
પરિગ્રહ - જુગાર

---

**પ્ર. : ૨. કર્મ પ્રકૃતિના થોકડાના આધારે જવાબ લખો :**

**(ક)** (૧) ઉંચ ગોત્ર કેટલા પ્રકારે બાંધે ? ફક્ત નામ લખો અર્થ નહીં.

**જવાબ :૨(ક) (૧) ઉંચ ગોત્ર ૮ પ્રકારે કર્મ બાંધે. ૧) જાતિ અમદ ૨) કુળ અમદ ૩) બળ અમદ ૪) રૂપ અમદ ૫) તપ અમદ ૬) સૂત્ર અમદ ૭) લાભ અમદ ૮) ઐશ્વર્ય અમદ.**

(૨) સંજવલન ક્રોધ, સંજવલન માન, સંજવલન માયા, સંજવલનનો લોભને શેની ઉપમા આપી છે ?

**જ. (૨) સંજવલન ક્રોધ - તે ભરતીથી થતાં પાણી મધ્યે લીંટી સમાન**
**સંજવલન માન - તે નેતરના સ્તંભ સમાન**
**સંજવલન માયા - તે વાંસની છોઈ સમાન**
**સંજવન લોભ - પતંગિયા તથા હળદરના રંગ સમાન**

(૩) મનુષ્યગતિ આયુષ્ય બાંધવાના કારણો આપો.

**જ. (૩) ૧) ભદ્ર સરળ પ્રકૃતિ ૨) વિનય પ્રકૃતિ ૩) સાનુક્રોશ-દયાભાવ રાખવાથી ૪) અમત્સર - અહંકાર રહિત, તુચ્છતા રહિત.**

(૪) જીવ ગ્રહણ કરી શકે તેવી વર્ગણાના નામ લખો.

**જ. (૪) ૧) ઔદારિક ૨) વૈક્રિય ૩) આહારક ૪) તૈજસ ૫) શ્વાસૌચ્છશ્વાસ ૬) ભાષા ૭) મન ૮) કાર્મણ.**

(૫) જ્ઞાનાવરણીય કર્મ કોના સમાન છે ? તેની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ લખો.

**જ. (૫) આંખના પાટા સમાન જઘન્ય અંતમુહૂર્ત ઉત્કૃષ્ટ - ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ.**

(૬) દર્શનાવરણીય કર્મનો જઘન્ય અને ઉત્કૃષ્ટ અબાધાકાળ લખો.

**જ. (૬) જઘન્ય અંતમુહૂર્તનો ઉત્કૃષ્ટ - ૩૦૦૦ વર્ષનો.**

(૭) અશુભ નામ કર્મ બાંધવાના કારણો.

**જ. (૭) ૧) કાયાની વક્રતા ૨) ભાષાની વક્રતા ૩) ભાવની વક્રતા ૪) વિસંવાદયોગ - ખોટા ઝઘડા, વિખવાદ કરે.**

(૮) કર્મપ્રકૃતિનો થોકડો કયા સૂત્રના આધારે ? કેટલામું પદ ? ઉદ્દેશ કયો ?

**જ. (૮) પન્નવણા સૂત્ર પદ - ૨૩ ઉદ્ધેશો - ૧ આધારે.**

(૯) વેદનીય કર્મને શેની ઉપમા આપી છે ? તે કર્મ ઘાતી છે કે અઘાતી ?

**જ. (૯) તે મધ્યે ખરડાયા ખડગ (તલવાર) સમાન આઘાતી કર્મ છે.**

**(ખ) જોડકાં જોડો**

**સવાલ : જવાબ સાથે**

| | |
|---|---|
| (૧) જેના ઉદયથી જીવને સંસારમાં અને પાપના કાર્યમાં આસક્તિ | જવાબ = (૮) રતિ મોહનીય |
| (૨) પરિતાપ કે ત્રાસ ન ઉપજાવવાથી | જવાબ = (૫) શાતાવેદનીય |
| (૩) અંગોપાંગ પોતાના સ્થાને મળે | જવાબ = (૭) નિર્માણનામ |
| (૪) રસોળી થાય | જવાબ = (૬) ઉપઘાતનામ |
| (૫) ચાલતા ચાલતા ઊંઘે | જવાબ = (૨) પ્રચલા પ્રચલા |
| (૬) બેઠા બેઠા ઊંઘે | જવાબ = (૧) પ્રચલા |
| (૭) પર્યાપ્તિ પૂર્ણ ન મળે | જવાબ = (૪) અપર્યાપ્ત નામ |
| (૮) ઊંચી જાતિમાં જન્મ | જવાબ = (૩) ઉચ્ચ ગોત્ર |

**(ગ) કર્મ પ્રકૃતિને આધારે ફક્ત સંખ્યા લખો :**

(૧) નામ કર્મની પ્રકૃતિ
**જ. (૧) ૯૩**
(૨) જ્ઞાનાવરણીય કર્મબંધના કારણ
**જ. (૨) ૬**
(૩) નોકષાય
**જ. (૩) ૯**
(૪) આયુષ્ય કર્મ બાંધવાની પ્રકૃતિ
**જ. (૪) ૧૬**
(૫) વેદનીય કર્મ ભોગવવાની પ્રકૃતિ
**(૫) ૧૬**
(૬) ગોત્ર કર્મ કેટલા પ્રકારે બંધાય
**(૬) ૧૬**
(૭) નામ કર્મ કેટલા પ્રકારે બંધાય
**(૭) ૮**
(૮) અંતરાય કર્મ કેટલા પ્રકારે ભોગવે
**(૮) ૫**

**(ઘ) કર્મોની વિવિધ અવસ્થામાં પહેલા ચારનામ લખો :**

ઉદયના પ્રકાર ? તેના નામ લખો.

**જ. (ઘ) ૧) બંધ) ૨) ઉદ્વર્તન ૩) અપવર્તન ૪) સત્તા ઉદયના બે પ્રકારઃ ૧) પ્રદેશોદય ૨) વિપાકોદય**

**પ્ર. : ૩. છ આરાને આધારે જવાબ લખો :**

**(ક)** (૧) છ આરાના ભાવ કયા આગમમાં છે ? વક્ષસ્કાર કેટલામો ?

**જવાબ:૩ (ક) (૧) જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ, વક્ષસ્કાર - ૨**

(૨) પાંચમા આરાના પ્રથમ ૧૦ લક્ષણમાંથી ચાર લક્ષણો લખો

**જ. (૨) મોટા નગર તે ગામડાં સરીખા થશે. (૨) ગામડાં તે સ્મશાન સરખાં.**
**(૨) ઊંચા કુળના સંતાનો તે દાસ, દાસી સરખા એટલે કે નીચા કુળનાં થશે.**
**(૪) પ્રધાનો લાલચુ થશે (૧૦ માંથી કોઈ પણ ચાર ચોપડીમાંથી એક કરો)**

(૩) ભગવાન મહાવીરના મોક્ષે ગયા બાદ કેટલા વર્ષ સુધી કેવલજ્ઞાન રહ્યું ? કોને કોને કેટલા વર્ષ કેવલજ્ઞાન રહ્યું તે વિસ્તારથી લખો.

**જ. (૩) શ્રી મહાવીર પ્રભુ નિર્વાણ પધાર્યા ત્યારે ગૌતમસ્વામીને કેવળજ્ઞાન ઉપજ્યું, તે ૧૨ વર્ષ કેવળી રહી મોક્ષે પધાર્યા ત્યારે સુધર્મા સ્વામીને કેવળજ્ઞાન થયું તે ૮ વર્ષ કેવળી રહીને મોક્ષે પધાર્યા. ત્યાર બાદ શ્રી જંબૂસ્વામીને કેવળજ્ઞાન ઉપજ્યું. જંબૂસ્વામી ૪૪ વર્ષ કેવળી રહી મોક્ષે પધાર્યા. સર્વ મળીને મહાવીરસ્વામી મોક્ષે પધાર્યા પછી ૬૪ વર્ષ સુધી કેવળજ્ઞાન રહ્યું, પછી વિચ્છેદ ગયું.**

(૪) ઉત્સર્પિણીના પ્રથમ તિર્થંકરના જન્મ બાદ કેટલા તિર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, પ્રતિ વાસુદેવ થશે ? ઉત્સર્પિણીનો કયો આરો હશે ?

**જ. (૪) ૨૨ તીર્થંકરો, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસદુેવ થશે. આ ઉત્સર્પિણીના ત્રીજા આરામાં થશે.**

(૫) (અ) પાંચમા આરાને છેડે થનાર ચાર એકાવતારીના નામ લખો.

**જ. (૫) (અ) ચાર જીવ ૧) દુપસહ નામે આચાર્ય ૨) ફાલ્ગુની નામે સાધ્વી**
**૩) જિનદાસ નામે શ્રાવક ૪) નાગશ્રી નામે શ્રાવિકા**

(બ) એક કાળચક્રની સ્થિતિ કેટલી ?

**જ. (બ) ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ**

(ક) ત્રીજા આરાનો કેટલો કાળ બાકી રહ્યો ત્યારે કલ્પવૃક્ષોની શક્તિ ઓછી થવા લાગી ?

**જ. (ક) ૧ પલ્યના આઠમા ભાગ જેટલો કાળ બાકી રહ્યો.**

**(ખ) ખાલી જગ્યા પૂરો :**

(૧) ............ માં ચોથા આરા જેવા ભાવો સદાકાળ વર્તે છે.

**જ. (૧) <u>મહાવિદેહ</u>માં ચોથા આરા જેવા ભાવો સદાકાળ વર્તે છે.**

(૨) કાળચક્ર .......... અને .......... ક્ષેત્રમાં હોય.

**જ. (૨) કાળચક્ર <u>ભરત</u> અને <u>ઈરવત</u> ક્ષેત્રમાં હોય.**

(૩) પાંચમા આરાને છેડે એક ઉપવાસ ........... સરખો લાગશે.

**જ. (૩) પાંચમા આરાને છેડે એક ઉપવાસ <u>માસખમણ</u> સરખો લાગશે.**

(૪) ભગવાન મહાવીરના પાંચ કલ્યાણક ........... નક્ષત્રમાં થયા.

**જ. (૪) ભગવાન મહાવીરના પાંચ કલ્યાણક <u>ઉત્તરા ફાલ્ગુની</u> નક્ષત્રમાં થયા.**

(૫) ઉત્સર્પિણી કાળનો બીજો આરો બેસતાં પ્રથમ ......... દિવસ સુધી ........ મેઘ વરસશે

**જ. (૫) ઉત્સર્પિણી કાળનો બીજો આરો બેસતાં પ્રથમ <u>૭</u> દિવસ સુધી <u>પુષ્કરાવર્ત</u> મેઘ વરસશે.**

(૬) ઋષભદેવ............ પર્વત પર ............ આસને બેસીને મોક્ષે પધાર્યા.

**જ. (૬) ઋષભદેવ <u>અષ્ટાપદ</u> પર્વત પર <u>પદ્માસન</u> આસને બેસીને મોક્ષે પધાર્યા.**

(૭) જુગલિયા કાળમાં ............ જાતિના વાંજિત્રના કલ્પવૃક્ષ હોય.

**જ. (૭) જુગલિયા કાળમાં <u>૪૯</u> જાતિના વાંજિત્રના કલ્પવૃક્ષ હોય.**

---

**પ્ર. : ૪. ગોચરી સંબંધી પ્રશ્નોના જવાબ લખો :**

(૧) પૂજ્ય સાધુ-સાધ્વીજી ઘરે પધારે ત્યારે અને વહોરીને પાછા ફરે ત્યારે કઈ વિધિ કરવાની છે?

**જવાબ: ૪ (૧) પૂર્વ સાધુ-સાધ્વીજી ઘરે પધારે ત્યારે 'પધારો પધારો' કહી વિનયપૂર્વક ૬-૮ ડગલાં સામે જવું. વહોરીને પાછા ફરે ત્યારે ૭-૮ ડગલાંસુધી વળાવવા જવું. જરૂર હોય તો ગોચરીના અન્ય ઘર બતાવવા જવું.**

(૨) જમતાં પહેલાં કઈ ભાવના ભાવવી ?

**જ. (૨) પૂ. સંતોને વહોરાવવાની ભાવના ભાવવી જોઈએ.**

(૩) ક્રીતકૃત એટલે શું ?

**જ. (૩) ક્રીતકૃત એટલે કે સાધુના નિમિત્તે વેચાતું લાવેલું વહોરાવવું નહિ.**

**(ખ) 'હા' કે 'ના' માં (શું હું સાધુને વહોરાવી શકું?) જવાબ લખો :**

(૧) આખું જીરૂ (૨) કાચા કેળાની વેફર (૩) આખા ધાણા (૪) કેરીનો ગોટલો.

**જ. (ખ) (૧) આખું જીરૂ - ના (૨) આખા ધાણા ના**

**(૩) કાચા કેળાની વેફર - હા (૪) કેરીનો ગોટલો - ના**

---

**પ્ર. : ૫. કથા વિભાગને આધારે લખો :**

(૧) દ્રહની નજીક શું હતું ? બે પાપી શિયાળ ક્યાં રહેતા હતા ? તેઓ કેવા હતા ? શેનું આચરણ કરતા હતા ? શેના લોલુપી હતા ?

**જ. : ૫ : (૧) એક માલુકા કચ્છ હતું (૨) માલુકા કચ્છમાં (૩) ક્રોધી, કપટી અને પાપનું જ નિરંતર આચરણ કરનાર, માંસાહારી માંસના લોલુપી હતા.**

(૨) ભગવાન પાસે કામદેવે શ્રાવક ધર્મ અંગીકાર કરવા ભગવાનને શું કહ્યું ? કયા વ્રતો અંગીકાર કર્યા ?

**જ. (૨) હે ભગવાન ! હું નિગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા કરું છું, વિશ્વાસ કરું છું, રૂચિ કરું છું, આદર કરું છું, પરંતુ ગૃહત્યાગ કરીને દીક્ષા લેવા અસમર્થ છું. આથી પ્રભુ આપની પાસે શ્રાવક ધર્મને ગ્રહણ કરવા ઈચ્છું છું.**

(૩) વર્ષીદાનનું બીજું નામ શું ? પ્રભુ રોજનું કેટલી સોનામહોરનું દાન કરતા ? એક વર્ષમાં કેટલી સોનામહોરનું દાન કર્યું ? આવું દાન કોણ આપી શકે ?

**જ. (૩) સાંવત્સરીક દાન રોજનું ૧,૦૮,૦૦,૦૦૦ (૧ કરોડ આઠ લાખ)**
**૧ વર્ષમાં ૩૮૮ કરોડ ૮૦ લાખ સોનામહોર**
**આવું વર્ષીદાન તીર્થંકારો આપે છે.**

(૪) કામદેવ શ્રાવકનો સંથારો કેટલા સમયનો ? શ્રાવક ધર્મનું પાલન કેટલા વર્ષનું ? કાળ કરીને કયા દેવલોકમાં ગયા ? ત્યાંની સ્થિતિ કેટલી ?

**જ. (૪) સંથારો ૧ મહિનાનો, ૨૦ વર્ષ શ્રાવક ધર્મનું પાલન, સુધર્મ દેવલોકમાં (૪ પલ્ય સ્થિતિ) ચાર પલ્યની સ્થિતિવાળા દેવ.**

(૫) બે કાચબા ક્યા સૂત્રનો અધિકાર છે ? માંસ માટે બે શિયાળ રાત્રે શું કરતા હતા ? દિવસે શું કરતા હતા ?

**જ. (૫) જ્ઞાતા ધર્મકથા સૂત્રનો અધિકાર. માંસ માટે બે શિયાળ રાત્રે ફરતાં હતાં. દિવસે છુપાઈને રહેતાં હતાં.**

---

**પ્ર. : ૬. કાવ્ય પૂર્તિ કરો (સાધુ વંદણાને આધારે) :**

(૧) છયે ઋદ્ધિ ............................ દ્વાર

**જવાબ: ૬ (૧) છયે ઋદ્ધિ છાંડીને, લીધો સંયમભાર.**
**ઈણ અલ્પકાળમાં, પામ્યા મોક્ષદ્વાર.**

(૨) ચવી મુગતે જાશે ......................અધિકાર

**જ. (૨) ચવી મુગતે જાશે વળી સિંહ મુનિશ્વર સાર**
**બીજા પણ મુનિવર, ભગવતીમાં અધિકાર.**

(૩) વીરપે વ્રત .......................... શિવવેગ

**જ. (૩) વીરપે વ્રત લઈને બાંધી તપની તેગ**
**ગયા વિજય વિમાને, ચવી લેશે શિવવેગ.**

(૪) ધર્મ ઘોષ તણા .................... અપાર

**જ. (૪) ધર્મઘોષ તણા શિષ્ય, ધર્મરૂચિ અણગાર**
**કીડીઓની કરુણા આણી દયા અપાર.**

(૫) ચંદનબાળાપેં ........................ નિર્વાણ.

**જ. (૫) ચંદનબાળાપે સંયમ લઈ હુઆ જાણ**
**તપ કરી દેહ ઝોંસી પહોંચ્યા છે નિર્વાણ.**

**॥ જય જિનેન્દ્ર ॥**